# મક્કાઈ પુલ મેટ્રોના ગર્ડરના લોન્ચિંગની તૈયારી

**એલિવેટેડ** વાયાડક્ટ માટેના પ્રી-સ્ટ્રેસ્ડ કોંક્રીટ બોક્સ ગર્ડર અને યુ-ગર્ડર લોન્ચ કરવાની આ જટિલ કામગીરી ઇજનેરી કૌશલ્ય સાથે પાર પડાશે

સુરતઃ ડાયમંડ અને ટેક્સટાઇલ સિટી તરીકે જાણીતા સુરત શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી હાલ પૂરઝડપે ચાલી રહી છે. આ પ્રોજેક્ટના સૌથી વ્યસ્ત અને સંવેદનશીલ વિસ્તારો પૈકીના એક એવા નાનપુરા, કાદરશાની નાળ ખાતે એલિવેટેડ વાયડક્ટ માટે મહાકાય ગર્ડર લોન્ચ કરવાની અત્યંત જટિલ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા કડક સુરક્ષા માપદંડો અને ઉચ્ચ એન્જિનિયરિંગ કુશળતા સાથે આ પડકારજનક કામગીરીને અંજામ આપવામાં આવી રહ્યો છે.





ગર્ડર લોન્ચ થયા પછીની AI જનરેટેડ તસવીર

### ટ્રાફિક વ્યવસ્થા અને સલામતી પર વિશેષ ભાર

સતત વાહનોથી ધમધમતા આ વિસ્તારમાં સ્થાનિક નાગરિકો અને વેપારીઓને ઓછામાં ઓછી મુશ્કેલી પડે તે માટે પૂરતું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રિના સુરક્ષિત કલાકો કે ટ્રાફિક નિયંત્રિત સમયગાળા દરમિયાન વિશાળકાય ક્રેનની મદદથી ગર્ડરને ચોકસાઈપૂર્વક પિલર પર ગોઠવવામાં આવી રહ્યા છે, જેથી વાહનવ્યવહાર સરળતાથી ચાલુ રહી શકે.

### 45 મીટર લાંબા અને 136 ટનના ગર્ડરનું ઇન્સ્ટોલેશન કરાશે

કાદરશાની નાળ વિસ્તારમાં હાલ 2 સ્પાનના પ્રી-સ્ટ્રેસ્ડ કોંક્રીટ બોક્સ ગર્ડર અને યુ-ગર્ડર લોન્ચિંગની પ્રક્રિયા ચાલી રહી છે. અહીં મૂકવામાં આવી રહેલા આ ગર્ડર આશરે 45 મીટર લાંબા અને લગભગ 136 ટન જેટલા વજનદાર છે. કાદરશાની નાળ અત્યંત સાંકડો અને ગીચ ટ્રાફિકવાળો વિસ્તાર હોવાથી આટલા વિશાળ ગર્ડરને સાઇટ સુધી લાવવા તે એન્જિનિયરિંગ ટીમ માટે મોટો પડકાર હતો. જોકે, ટીમ દ્વારા હાલ એક પાર્ટના ગર્ડરને પિલર પર સફળતાપૂર્વક સ્થાપિત કરી દેવાયા છે અને બીજા પાર્ટના લોન્ચિંગની કામગીરી પણ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

### સામાન્ય સભાની લાખેણી ભજિયાં પાર્ટીની ટીકાઓ વચ્ચે નવો વિવાદ

## ભીડ નહીં થવાની આશંકાથી એકતા રેલી રદ: હવે વોર્ડમાં બબ્બે જમણવાર

**ભીડ** ભેગી કરવા પ્રજાના ટેક્સનાં નાણાંમાંથી પ્રતિ ડિશ 110 લેખે રીંગણ-બટાકાનું શાક, દાળભાત, ખમણ અને લાપસી પીરસાશે

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી ૩૧મી ઓક્ટોબરે યોજાનારી 'એકતા યાત્રા'ની રેલી ફ્લોપ જવાની દહેશતે શાસક પક્ષના હોશ ઊડી ગયા છે. ફિયાસ્કો સાબિત થયેલી રેલીને તો તાબડતોબ રદ કરી દેવાઈ છે, પણ તેના બદલે હવે પ્રજાના ટેક્સના પૈસે લાખો રૂપિયાના આંધણ સાથે ભોજન સમારોહ યોજીને ભીડ એકત્રિત કરવાની ગંદી રાજકીય રણનીતિ ઘડાઈ હોવાની જોરદાર ચર્ચા જાગી છે.

મનપા દ્વારા રેલી બંધ રાખીને હવે સ્માર્ટ સિટીના ૩૦ વોર્ડમાં 'વોર્ડવાઈઝ સાંસ્કૃતિક અને સન્માન સમારોહ'નું નાટક ગોઠવવામાં આવ્યું છે. કાર્યક્રમ એટલો 'આકર્ષક' બનાવવાની નેમ છે કે એક-એક વોર્ડમાં બે સ્થળોએ પ્રોજેક્ટર ગોઠવીને લાઈવ પ્રસારણ કરાશે. જનતાને ખેંચી લાવવા માટે શાસકોએ 'મહા-જમણવાર'નું શસ્ત્ર ઉગામ્યું છે. રાજકીય પ્રતિષ્ઠા બચાવવા માટે દરેક વોર્ડમાંથી ૧૦૦૦-૧૦૦૦ મળીને આખા શહેરમાંથી કુલ ૬૦,૦૦૦ લોકોને એકઠા કરી જમાડવાનું આયોજન છે.

આ સરકારી જમણવારના મેનુમાં દાળ-ભાત, ખમણ, રીંગણ-બટાકાનું શાક અને મીઠાશ માટે શુદ્ધ લાપશી પીરસવામાં આવશે. પ્રજા જ્યારે રોડ, રસ્તા અને પ્રાથમિક સુવિધાઓ માટે અવાજ ઉઠાવે છે ત્યારે તંત્ર પાસે બજેટ નથી હોતું, પરંતુ પોતાના ઉત્સવો ઉજવવા માટે પ્રતિ ડિશ ૧૧૦ રૂપિયા લેખે અધધ ૬૦ લાખ રૂપિયાનો આસમાની ખર્ચ મનપાની તિજોરીમાંથી મંજૂર કરી દેવાયો છે. રાજકીય મોભા અને ભીડ બતાવવા માટે પ્રજાના પરસેવાની કમાણીને આ રીતે લાપસીના આંધણમાં હોમી દેશે? જનતાનાં નાણાંનો આ બેફામ વેડફાટ સુરતના રાજકારણમાં મોટો ગરમાવો લાવી દીધો છે.

## ઉત્રાણ બનશે લાંબા અંતરની ટ્રેનોનું નવું સ્ટેશન, દિવાળી-છઠ પર રાહત

**4 ફુલ** લેન્થ પ્લેટફોર્મ તૈયાર થશે, સુરત અને ઉધના પરથી ભીડ ઘટશે

સુરતઃ દિવાળી અને છઠ પૂજાના તહેવારોમાં વતન જતા હજારો મુસાફરો માટે ખુશખબર છે. પશ્ચિમ રેલવેએ ઉત્રાણ સ્ટેશનને લાંબા અંતરની ટ્રેનો માટે નવા વિકલ્પ તરીકે વિકસાવવાનું શરૂ કર્યું છે. તેને સુરત શહેરના સેટેલાઈટ સ્ટેશન તરીકે ડેવલપ કરવામાં આવી રહ્યું છે.

વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાના જણાવ્યા મુજબ, આ પહેલથી સુરત અને ઉધના સ્ટેશનો પર યાત્રીઓનું ભારે દબાણ ઘટાડવામાં મદદ મળશે. સાથે જ ઉત્તર ભારત, પશ્ચિમ ભારત અને પૂર્વ ભારત તરફ જતા યાત્રીઓને ઉત્રાણ સ્ટેશનથી પણ હોલિડે સ્પેશિયલ ટ્રેનોની સુવિધા મળવાનો માર્ગ મોકળો થશે. ખાસ કરીને ભરૂચ અને અંકલેશ્વર વિસ્તારમાં રહેતા પરપ્રાંતિય યાત્રીઓને મોટો લાભ થશે. તેમને લાંબા અંતરની કેટલીક સ્પેશિયલ ટ્રેનોમાં મુસાફરી કરવા માટે સુરત અને ઉધના સ્ટેશનો સુધી નથી જવું પડે. તેમને ઉત્રાણ સ્ટેશનથી જ ટ્રેન પકડવાનો વધારાનો વિકલ્પ મળી રહેશે,





### 4 ફુલ લેન્થ પ્લેટફોર્મનો વિકાસ

લાંબા અંતરની ટ્રેનોના સરળ સંચાલન માટે ઉત્રાણ સ્ટેશન પર જૂના, ઓછી લંબાઈવાળા પ્લેટફોર્મને હટાવીને સ્ટેશનની ઉત્તર દિશામાં લગભગ 600 મીટર લાંબો નવો પ્લેટફોર્મ બનાવવામાં આવ્યો છે. આ પ્લેટફોર્મની લંબાઈ લગભગ 22 કોચવાળી લાંબા અંતરની ટ્રેનોના સંચાલન અને સ્ટોપ માટે ઉપયોગી થશે. આ ઉપરાંત, સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 3 અને 4ની લંબાઈ વધારવાનું કામ પણ પ્રગતિમાં છે. આ કામો પૂર્ણ થયા બાદ ઉત્રાણ સ્ટેશન પર ચાર ફુલ લેન્થ પ્લેટફોર્મ ઉપલબ્ધ થશે.

## ડૉ. હર્ષ પંડયા આપઘાતમાં ડૉ.નિરાલી વસાવા ઝડપાઈ

**ચાર** સામે ગુનો નોંધાયો હતો, જેમાં અગાઉ ત્રણ આરોપીની ધરપકડ થઈ ચૂકી છે

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસ સ્થિત ન્યુ પી.જી. હોસ્ટેલમાં ગત ૦૯ ઓગષ્ટ ૨૦૨૬ના રોજ સ્વ. ડૉ. હર્ષ પંડ્યાએ પોતાના રૂમમાં ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આ ચકચારી કેસમાં ખટોદરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના અન્વયે લાંબા સમયથી નાસતા ફરતા ચોથા આરોપી નિરાલીબેન પરેશભાઈ વસાવા (ઉં.વ.૨૯, રહે., શાસ્ત્રીનગર, વ્યારા, મૂળ વતન- નિઝર, તાપી)ની આજરોજ પોલીસે ધરપકડ કરી લીધી છે. મૂળ મોડાસાના નિવૃત્ત ડો. સુભાષચંદ્ર વાલજીભાઈ પંડ્યાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના પુત્ર ડૉ. હર્ષ પંડ્યાએ ગત ૦૯ ઓગષ્ટના રોજ હોસ્પિટલના રૂમમાં આપઘાત કર્યો હતો. પ્રાથમિક તપાસમાં અકસ્માત મોતનો ગુનો નોંધાયા બાદ તપાસમાં ગંભીર વિગતો બહાર આવતા ગત ૧૫ ઓગષ્ટ ૨૦૨૬ના રોજ ખટોદરા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૦૮, ૧૨૭(૨), ૩૫૨, ૫૪ તેમજ એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં કુલ ચાર આરોપી સામે ગુનો નોંધાયો હતો, જેમાંથી અગાઉ 11 ઓક્ટોબરના રોજ બે મહિલા તબીબો ડૉ. દિક્ષીતા ઘેવરિયા અને ડૉ. હિના ભૂતની તેમજ 13 ઓક્ટોબરના રોજ ડૉ. અનુજ મહેશ્વરીની ધરપકડ કરી હતી. ત્યારે હવે ડૉ. નિરાલી વસાવા પણ ઝડપાઈ જતાં સમગ્ર રેગિંગ કાંડમાં સંડોવાયેલી આખી ચોકડી સામે કાયદાકીય ગાળિયો પૂર્ણપણે મજબૂત બન્યો છે.

## સુરતમાં ખાડીપૂરના કાયમી નિવારણ માટે મનપાનો માસ્ટર પ્લાન તૈયાર

**આગામી** સપ્તાહે મુખ્યમંત્રી સમક્ષ ફૂલપ્રૂફ DPR રજૂ કરાશે

સુરતઃ દર ચોમાસે સુરતીઓ માટે આફત બનતી ખાડીપૂરની ગંભીર સમસ્યાના કાયમી અને ટેક્નિકલ નિવારણ માટે રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકા (મનપા) દ્વારા યુદ્ધના ધોરણે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આગામી સપ્તાહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ખાડીપૂર નિયંત્રણ અંગેનો વિગતવાર માસ્ટરપ્લાન અને ડીપીઆર (DPR) રજૂ કરવાની તૈયારીઓ મનપા પ્રશાસને પૂર્ણ કરી લીધી છે.

ગાંધીનગર ખાતે શહેરી વિકાસ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી એમ. થેન્નારસનની અધ્યક્ષતામાં ગઈકાલે એક મહત્ત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં વિડીયો કોન્ફરન્સથી મનપા કમિશનર પણ જોડાયા હતા. આ બેઠકમાં સુરત મનપાની સરવે એજન્સી અને સિંગાપોર સ્થિત ગ્લોબલ નિષ્ણાત એજન્સી દ્વારા ખાડીપૂર રોકવા માટે સંયુક્ત પ્રાથમિક પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. સરકાર દ્વારા બંને એજન્સીઓને પરસ્પર સંકલન સાધીને મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરવા માટે એક સચોટ અને ફૂલપ્રૂફ રોડમેપ તૈયાર કરવા આદેશ અપાયો છે. આ પ્લાનમાં પ્રથમ તબક્કાનાં કામો, ચાલુ પ્રોજેક્ટ્સના ડેટા અને લાંબા ગાળાના આયોજનને સાંકળી લેવાશે.

### ખાડીઓ ૪૫ મીટર પહોળી કરાશે: ૧.૨૫ લાખ ચો.મી. જમીનની જરૂર પડશે

આ ઐતિહાસિક પ્રોજેક્ટના ભાગરૂપે ખાડીઓની પહોળાઈ ન્યૂનતમ ૪૫ મીટર (અથવા જરૂરિયાત મુજબ વધુ) કરવાનું આયોજન છે. આ માટે મનપાના ટાઉન પ્લાનિંગ (TP) વિભાગને અંદાજે ૧.૨૫ લાખ ચોરસ મીટરથી વધુ જમીનનું ચોક્કસ મેપિંગ કરવાનો આદેશ આપી દેવાયો છે. ટીપી વિભાગ હાલ ખાડી કિનારે આવેલી સરકારી-ખાનગી જમીનો, કાયદેસર અને ગેરકાયદે બાંધકામો તેમજ તમામ પ્રકારનાં દબાણોનો વિગતવાર સરવે કરી રહ્યો છે. ખાડી પહોળી કરવાથી કેટલી મિલકતોને અસર થશે તેનો આખરી રિપોર્ટ એક સપ્તાહમાં સોંપવામાં આવશે. જેના આધારે રાજ્ય સરકાર પ્રોજેક્ટને આખરી મંજૂરી આપશે.

## વેડ રોડ, પંડોળમાં ચાલતી ગેરકાયદે 52 તપેલા ડાઈંગ મિલો સીલ કરાઈ

સુરતઃ કતારગામમાં વેડ રોડ પંડોળ વિસ્તારમાં વિવિધ મિલકતોમાં બિનઅધિકૃત રીતે તપેલા ડાઈંગનું કામ કરવામાં આવી રહ્યું હોવાનું સ્થળ તપાસ દરમિયાન બહાર આવ્યું હતું. આ ગેરકાયદે પ્રવૃત્તિ દરમિયાન વપરાતા કલર્સ અને રસાયણોનું કેમિકલયુક્ત ગંદુ પાણી સીધું જ ડ્રેનેજ લાઈનમાં છોડવામાં આવતું હતું, જેના કારણે આ ગંદુ પાણી પીવાના પાણીની લાઈનો સાથે ભળી જવાથી પાણીની ગુણવત્તા ગંભીર રીતે જોખમાઈ રહી હતી આ તમામ મિલકતો નોટીસ અપાઈ હતી. નોટિસોમાં આપવામાં આવેલી મુદત અને સમયમર્યાદા પૂરી થઈ જવા છતાં પણ સ્થિતિમાં કોઈ સુધારો ન જણાતા આશરે કુલ 52 જેટલી ગેરકાયદે મિલકતોને સીલ મારવામાં આવી છે.

## સંતશ્રી રઘુવરદાસ ઈંગ્લિશ સ્કૂલની માન્યતા રદ કરવાનો હુકમ સ્થગિત

**જિલ્લા** શિક્ષણાધિકારી અને પ્રાથમિક શિક્ષણ નિયામકના આદેશ સામે શાળા સંચાલકોને રાહત

સુરતઃ પાંડેસરાના દેવેન્દ્રનગર, ગ્વાલક રોડ પર આવેલી સંતશ્રી રઘુવરદાસ ઈંગ્લિશ સ્કૂલના સંચાલકોને ગુજરાત હાઈકોર્ટમાંથી રાહત મળી છે. શાળાના વર્ગો બંધ કરવાના જિલ્લા શિક્ષણાધિકારી, સુરત તથા પ્રાથમિક શિક્ષણ નિયામક, ગાંધીનગરના આદેશને ગુજરાત હાઈકોર્ટે સ્થગિત કર્યો છે. હાઈકોર્ટના આદેશ બાદ શાળા અગાઉની જેમ કાર્યરત હોવાનું અને શૈક્ષણિક કાર્ય રાબેતા મુજબ ચાલુ હોવાનું શાળા સંચાલકો દ્વારા જણાવવામાં આવ્યું છે.

શ્રી સદગુરુ કબીર સેવા સંસ્થા સંચાલિત સંતશ્રી રઘુવરદાસ ગુરુશ્રી ગંગાશરણદાસ વિદ્યાલય (અંગ્રેજી માધ્યમ) સામે જિલ્લા શિક્ષણાધિકારી, સુરત દ્વારા શાળાના પ્રાથમિક વિભાગના વર્ગો બંધ કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. આ આદેશ સામે શાળા સંચાલકોએ પ્રાથમિક શિક્ષણ નિયામક, ગાંધીનગર સમક્ષ અપીલ કરી હતી. જોકે, પ્રાથમિક શિક્ષણ નિયામકે જિલ્લા શિક્ષણાધિકારીના નિર્ણયને યથાવત રાખતાં વર્ગો બંધ કરવાનો આદેશ ચાલુ રાખ્યો હતો.

આ નિર્ણયને શાળા સંચાલકોએ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પડકાર્યો હતો. આ મામલે ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ એ.થી. માઈ દ્વારા તા.૧૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ શાળા તથા તેના વર્ગો બંધ કરવા અંગે આપવામાં આવેલા આદેશના અમલ પર સ્થગિત મૂકતો મનાઈ હુકમ આપવામાં આવ્યો હોવાનું સંચાલકો દ્વારા જણાવાયું છે.

## તુષારે રિઝવાન નામ ધારણ કરી મુસ્લિમ યુવતીને ફસાવી

**તુષારે** પહેલા પ્રેમ નામથી ચેટિંગ શરૂ કરી પ્રેમજાળ ફેલાવી બાદમાં દુષ્કર્મ કર્યું

સુરતઃ લાલગેટ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં એક અત્યંત ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

ફરિયાદી મુસ્કાન (નામ બદલ્યું છે) દ્વારા લાલગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન સુરતના એક કેફેમાં તેની મુલાકાત 'પ્રેમ' નામના શખ્સ સાથે થઈ હતી. જ્યારે યુવતી ઉમરાહ કરવા ગઈ ત્યારે ચેટિંગ વધી જતાં પ્રેમએ પોતાનું નામ રિઝવાન જણાવ્યું હતું. અને ફેબ્રુઆરી ૨૦૨૬માં યુવતીને લગ્ન માટે પ્રપોઝ કર્યું હતું. આરોપીએ રામપુરા સ્થિત યુવતીના ઘરે તથા વેસુ વિસ્તારની હોટલોમાં અવારનવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. એટલું જ નહીં, એપ્રિલ ૨૦૨૬માં અજમેરની હોટલમાં પણ લગ્નની લાલચ આપી શારીરિક સંબંધ બાંધ્યો હોવાનું સામે આવ્યું છે.

જે બાદ આરોપી તુષારકુમાર ઉર્ફે પ્રેમએ યુવતી પાસે વરાછાની જ્વેલર્સની દુકાને સોનાનો કડો ગિરો મૂકાવીને 50 હજાર લીધા હતા. બાદમાં અલગ અલગ રીતે કુલ રૂ.૧,૫૦,૦૦૦ પડાવ્યા હતા. બાદમાં જ્યારે યુવતીને સાચી વાતની ખબર પડી ત્યારે તપાસ કરતાં યુવાનની માતા પાસેથી અસલી હકીકત જાણવા મળી હતી કે આ શખ્સ મુસ્લિમ નહીં પરંતુ લિંબાયતના મીઠી ખાડી વિસ્તારમાં રહેતો તુષારકુમાર મહારાણા છે. યુવતીએ લાલગેટ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## મિત્રની ઓળખ આપી રૂ.18 લાખ આંગડિયા પેઢીમાં મંગાવી ઠગ છૂ

**બે મોબાઇલ** નંબર પરથી ફોન કરી કર્ણાટકના વેપારીને વિશ્વાસમાં લીધો હતો અને બાદમાં છેતરી લીધો

સુરતઃ કર્ણાટકના બેલ્લારીમાં વેપાર કરતાં કરનારામ દેવાસીને અજાણ્યા શખ્સોએ ફોન કરી મહિધરપુરા સ્થિત વિજય વિષ્ણુ આંગડિયા પેઢીમાં રૂ.18 લાખ મંગાવી લઈ પરત નહીં આપી ઠગાઈ કરવામાં આવી હતી.

ફરિયાદની વિગતો મુજબ, ગત 21 ઓક્ટોબર, 2026ના રોજ બપોરે આશરે 12.30 વાગ્યે કરનારામ રામા રામજી દેવાસી (રહે., વાસુ દેવા નાયડુ સ્ટ્રીટ બેંગલોર રોડ, થાના., એપીએમસી માર્કેટ, બલારી શહેર, કર્ણાટકા)ના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ તેમના મિત્ર રામારામ દેવાસી તરીકે આપીને જણાવ્યું હતું કે, તેને તાત્કાલિક સુરત રૂ.18 લાખ મોકલવાના છે. આંગડિયા મારફતે રકમ મોકલી આપવા અને ચારથી પાંચ કલાકમાં એક વ્યક્તિ તેમની દુકાને નાણાં લઈને આવી જશે તેવી ખાતરી આપી હતી.

આ વાત પર વિશ્વાસ રાખીને કરનારામ દેવાસીએ બેલ્લારીમાં આંગડિયા પેઢી ચલાવતા પોતાના મિત્ર રમેશકુમાર ઘાંચીને સુરત નાણાં મોકલવા જણાવ્યું હતું. જે નાણા અજાણ્યો આંગડિયા પેઢીમાંથી મેળવી ભાગી છૂટ્યો હતો. બનાવ કર્ણાટકના બેલ્લારી શહેરના એ.પી.એમ.સી. માર્કેટ પોલીસ મથકની હદમાં બન્યો હોવાથી મહિધરપુરા પોલીસે ૦ નંબરથી ગુનો નોંધી ત્યાં ટ્રાન્સફર કરી દીધી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### દોહિત્રના નિધનને પગલે પો.કમિ., સ્વામી અંબરીશાનંદ, પદ્મશ્રી યઝદી કરંજીયાએ કદિર પીરઝાદાને સાંત્વના પાઠવી



સુરતઃ સુરત શહેરના માજી મેયર એકલબારા(મોટામિયા માંગરોળ)ના ગાદીપતિ કદિર પીરઝાદાના દોહિત્ર (નવાસા) જિશાનબાબાના આકસ્મિક નિધન બાદ કદિર પીરઝાદાના નિવાસસ્થાને સુરતના પો.કમિ. વબાંગ ઝમીર, ગણેશ ઉત્સવ સમિતિના અધ્યક્ષ, હિન્દુ મિલન મંદિરના સંત સ્વામી અંબરીશાનંદજી, પદ્મશ્રી યઝદી કરંજીયાએ આવી તેમને સાંત્વના પાઠવી હતી.

### 'લાઈફ' સંસ્થાની મુલાકાત લેતાં એડ્વોકેટ પ્રીતિ જોશી



જૂનાગઢઃ 'લાઈફ' સંસ્થાની એડ્વોકેટ પ્રીતિ જીગ્નેશ જોશીએ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન તેમણે તાલીમ લઈ રહેલી બહેનો સાથે સંવાદ સાધ્યો હતો અને તેઓ કઈ રીતે આર્થિક રીતે પગભર થઈને પરિવારને સધ્ધર બનાવી શકે તે અંગેનું મૂલ્યવાન માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે એડ્વોકેટ પ્રીતિ જોશીએ જણાવ્યું હતું કે, મહિલાઓ જ્યારે આર્થિક રીતે સશક્ત બને છે, ત્યારે સમગ્ર પરિવાર અને સમાજનો સાચો વિકાસ થાય છે. 'લાઈફ' સંસ્થા દ્વારા વિનામૂલ્યે કૌશલ્યવર્ધન તાલીમ આપીને બહેનોને આત્મનિર્ભર બનાવવાનું કાર્ય અત્યંત પ્રશંસનીય છે.

### PNB સર્કલ ઓફિસ, સુરત દ્વારા રક્તદાન શિબિરનું આયોજન



સુરતઃ પંજાબ નેશનલ બેંકની સુરત સ્થિત સર્કલ ઓફિસે તા.૨૯.૧૦.૨૦૨૬ના રોજ એક રક્તદાન શિબિરનું આયોજન કર્યું હતું. શિબિરમાં સર્કલ હેડ અમિત કુમાર, ડેપ્યુટી સર્કલ હેડ રવિ કુમાર, MCC હેડ યોગેશ કુમાર, ચીફ મેનેજર રક્ષપાલ મીણા, ચીફ મેનેજર અનુજ ઓબેરોય અને અન્ય કર્મચારીઓ આ ઉમદા કાર્યમાં યોગદાન આપવા માટે આગળ આવ્યા હતા.આ પહેલ દ્વારા અમૂલ્ય જીવન બચાવવા અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્તની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં સ્વૈચ્છિક રક્તદાનના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

### સાતમી 'ધ જૈન સુપર સ્પીકર એન્ડ કલ્ચરલ કોન્ટેસ્ટ'નો ઇનામ વિતરણ સમારોહ યોજાશે

સુરતઃ પર્યુષણ મહાપર્વ, અને પર્યુષણ વ્યાખ્યાનમાળા નિમિત્તે છેલ્લા સાત વર્ષથી સતત યોજાતી પર્યુષણ પર્વની વિવિધ સ્પર્ધાઓ અંતર્ગત સાતમી ધ જૈન સુપર સ્પીકર એન્ડ કલચરલ કોન્ટેસ્ટનોનો ઇનામ વિતરણ સમારોહ કેનાલ રોડ, વેસુ જૈન સંઘના ઉપાશ્રય બિલ્ડિંગના હોલમાં કેનાલ રોડ, જીવરાજ સર્કલ પાસે, શનિવારે યોજાશે. આ ઇનામ વિતરણ સમારોહ આ.ભ. હૃદયરત્નસૂરીશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં શનિવાર, તા. 31 ઓક્ટોબર, 2026ના રોજ બપોરે 3થી 5 વાગ્યા દરમિયાન યોજાશે. અતિથિ તરીકે નર્મદ યુનિ.ના કુલપતિ ચાવડા, ભરત શાહ, વિવિધ જૈન સંઘોના પ્રમુખો, ભાનુભાઇ શાહ, દિલીપભાઇ મહેતા, વસંતભાઇ શાહ, ભદ્રકભાઇ નગરશેઠ, સુનીલભાઇ ઝવેરી, સી.એ. રસેશભાઇ, રવિન્દ્રભાઇ, નિકુંજભાઇ શાહ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આયોજકો વીરમતીબેન ફકીરચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, શ્રી સુરત જૈન યુવક મહામંડળ અને સ્વપ્ન ભદ્રેશ શાહ ફાઉન્ડેશન તરફથી સમારોહમાં ઉપસ્થિત રહેવા જણાવ ાયું છે.

### સ્ટીમહાઉસ ઇન્ડિયાની આવકમાં 43.62 ટકા અને નફામાં 167 ટકાનો ઉછાળો



સુરતઃ સ્ટીમ અને નાઇટ્રોજનના ઉત્પાદન તથા વિતરણ ક્ષેત્રે કાર્યરત સ્ટીમહાઉસ ઇન્ડિયા લિ. નાણાકીય વર્ષ 2026-27, 30 સપ્ટેમ્બર, 2026ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળામાં કંપનીની સ્ટીમમાંથી આવક વાર્ષિક ધોરણે 43.62 ટકા વધીને રૂ.122.53 કરોડ થઈ હતી, જ્યારે કરવેરા પછીનો નફો (PAT) 167.14 ટકા વધીને રૂ.7.77 કરોડ નોંધાયો હતો. કંપનીનું EBITDA ગત વર્ષના સમાન ગાળાના રૂ.14.24 કરોડથી વધીને રૂ.24.68 કરોડ થયું હતું. આ સમયગાળા દરમિયાન સ્ટીમનું વેચાણ 12.06 ટકા વધીને 3,01,642 ટન નોંધાયું હતું. કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર વિશાલ એસ. બુધિયાએ જણાવ્યું હતું કે, કંપનીનું ધ્યાન ઓપરેશનલ કાર્યક્ષમતા વધારવા, મૂડીની વિવેકપૂર્ણ ફાળવણી અને ઔદ્યોગિક ગ્રાહકો માટે સ્ટીમ તથા નાઇટ્રોજનના ઉત્પાદન-વિતરણનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવા પર છે.

### SMCA-IMAની મુંબઈથી લક્ષદ્વીપ સુધીની ક્રૂઝ ટૂર યોજાઈ



સુરતઃ સુરત મેડિકલ કન્સલ્ટન્ટ્સ એસોસિએશન (SMCA) અને ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) દ્વારા મુંબઈથી લક્ષદ્વીપ સુધીની કોર્ડેલિયા ક્રૂઝ ટૂરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસમાં આશરે ૫૫ ડોક્ટર પરિવારજનો સાથે જોડાયા હતા. ક્રૂઝ પર સંગીત, ડાન્સ, લાઇવ એન્ટરટેઇનમેન્ટ સહિતની પ્રવૃત્તિઓમાં સૌએ આનંદ માણ્યો હતો. પ્રવાસથી ડોક્ટરોને વ્યસ્ત તબીબી વ્યવસાયમાંથી વિરામ સાથે પરસ્પર સ્નેહ, એકતા અને ફેલોશિપ મજબૂત કરવાની તક મળી હતી. આયોજનમાં ડો.નિકુંજ વિઠલાણી, ડો.હિરલકુમાર શાહ, ડો.દીપ્તિબેન પટેલ અને ડો.રજનીકાંત પટેલે વિશેષ યોગદાન આપ્યું હતું. પ્રવાસ સૌ માટે યાદગાર બન્યો હતો.

### શરદોત્સવ નિમિત્તે ઘારી સાથે કરાઓકે સંગીત સંધ્યા યોજાઈ



સુરતઃ સુરત સુરતી ક્ષત્રિય સમાજ (ખત્રી)ની ન્યૂ રિક્રિએશન ક્લબ દ્વારા શરદોત્સવ નિમિત્તે સભ્યોના મનોરંજન માટે ઘારી સાથે કરાઓકે સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સભ્યો અને કલાકારોએ વિવિધ ગીતોની પ્રસ્તુતિ કરી સંગીતમય માહોલ સર્જ્યો હતો. સૌએ ગીત-સંગીત અને સુરતી ઘારીની મીઠાશ સાથે ઉત્સવની આનંદભેર ઉજવણી કરી હતી. કાર્યક્રમના પ્રારંભે ક્લબના પ્રમુખ ભરત વાનાવાળાએ ઉપસ્થિત સભ્યો અને મહેમાનોનું સ્વાગત કરી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

### IMAના 50 જેટલા ડોક્ટરોએ કુકિંગ વર્કશોપમાં હાથ અજમાવ્યો



સુરતઃ દિવાળીના તહેવારને ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) દ્વારા તા.24ના રોજ કુકિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વાદ માસ્ટર સેફ સ્નેહા ઠક્કરે વર્કશોપમાં ડોક્ટરોને ઓછા સમયમાં સ્વાદિષ્ટ વાનગીઓ બનાવવાની કળા શીખવી હતી. લાઇવ કુકિંગ દ્વારા વિવિધ વાનગીઓ બનાવવામાં આવી હતી અને ઉપસ્થિત સૌને તેનો સ્વાદ પણ ચખાડવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં સાઇકિયાટ્રિસ્ટ, રેડિયોલોજિસ્ટ, ગાયનેકોલોજિસ્ટ, પીડિયાટ્રિશિયન સહિત વિવિધ ક્ષેત્રના આશરે 50 ડોક્ટરે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. IMAનાં પ્રેસિડેન્ટ ડો.દીપ્તિ પટેલ, સેક્રેટરી રજનીકાંત પટેલ અને તેમની સમગ્ર ટીમના પ્રયાસોથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.